જામનગરમાં અમિત શાહના આગમન પૂર્વે ભાજપ પ્રમુખ-પોલીસ વચ્ચે થઈ ચકમક

અમદાવાદ, તા. ૯

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ આજે જામનગર પધારવાના હોય ભાજપના કાર્યકરો અને આગેવાનોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે અમિત શાહ જામનગર પધારે તે પૂર્વે જ જીલ્લા ભાજપ પ્રમુખ અને પોલીસ વચ્ચે ચકમક ઝરી હતી અને આગેવાનોની સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો.

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના જામનગર પ્રવાસ પૂર્વે જ જીલ્લા ભાજપ પ્રમુખ અને પોલીસ વચ્ચે જામી પડી હતી. જામનગર શહેરના હોદેદારો સાથે અમિત શાહની બેઠક હોવાથી જામનગર જીલ્લા ભાજપ પ્રમુખ અને પૂર્વ સાંસદ ચંદ્રેશ પટેલ જ્યારે ઓસવાલ સેન્ટર બેઠક સ્થળે પહોંચ્યા ત્યારે હાજર પોલીસ અધિકારીએ તેમનું ઓળખકાર્ડ માંગ્યું હતું અને પૂર્વ સાંસદે ભાજપનું ઓળખકાર્ડ બતાવતા પીએસઆઈએ આચારસંહિતા લાગુ હોવાથી પક્ષનું નિશાન દર્શાવતું ઓળખકાર્ડ માન્ય ના રાખવાનું જણાવ્યું હતું જેથી ચંદ્રેશ પટેલ અને પીએસઆઈ વચ્ચે તુતુ મેમે જામી હતી જેને પગલે સ્થળ પર ઉપસ્થિત મ્યુનીસીપલ બોર્ડના ચેરમેન ધનસુખ ભંડેરીએ મધ્યસ્થી કરવાની ફરજ પડી હતી અને પીએસઆઈને દુર લઈ જઈને મામલો વધુ બિચકે તે પૂર્વે જ મામલો થાળે પાડ્યો હતો.

સુરતમાં હિરા ઘસવા બેઠેલા રાહુલે ખોટુ પેલ કાપ્યુ : નિતિન પટેલ

પાલનપુરમાં ગૌરવ સંપર્ક યાત્રા માટે આવેલા નાયબ મુખ્યમંત્રીએ કોંગ્રેસને આડે હાથ લીધી

પાલનપુર

રાહુલ ગાંધી સુરતમાં શુ જોઈ ગયા છે તે ખબર જ પડતી નથી. વારંવાર સુરત જાય છે. બે દિવસ પહેલા હિરા ઘસવા માટે બેસી ગયા હતા. તેમણે હિરા ઉપર પણ ખોટુ પેલ કાપ્યું હતુ. તે બનાસકાંઠામાં આવશે અને પ્રજાપતિ પરિવારની મુલાકાત લેશે તો માટલા ઘડવા પણ બેસી જશે. માત્ર ફોટા પડાવવાથી વિકાસના કામો થતા નથી. તેના માટે પ્રજાના હમદર્દ બનવું પડે છે. જે ભાજપ છેલ્લા બાવીસ વર્ષથી કરી રહી છે. ગુજરાતમાં ભૂકંપ, અતિવૃષ્ટિ, ગોધરાકાંડ, દુષ્કાળના સમયે ભાજપ પ્રજાજનોના પડખે ઉભી રહી હતી. પાણી, વિજળી, રસ્તા સહિતના વિકાસના કામોની કેડી કંડારી છે. જે ભાજપના કાર્યકર્તાઓની મદદથી આગળ ધપાવવાની છે. તેમ પાલનપુર ખાતે ગુરૂવારે ગૌરવ સંપર્ક યાત્રામાં આવેલા નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે જણાવ્યું હતુ.

પાલનપુર ખાતે ગુરૂવારે ગૌરવ સંપર્ક યાત્રામાં આવેલા નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલે રોટરી હોલમાં ભાજપના કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતુ કે, આજની યુવા પેઢીએ કોંગ્રેસનો કદરૂપો ચહેરો જોયો જ નથી. કોંગ્રેસના ચિમનભાઈ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે નવ નિર્માણ આંદોલનમાં ૧૦૪ યુવકો ઉપર પોલીસે ગોળીઓ વરસાવી તેમના મોત નિપજાવ્યા હતા. માધવસિંહ સોલંકીના શાશનમાં અનામત આંદોલન વખતે ૫૮ યુવકોના પોલીસ ગોળીબારમાં મોત નિપજ્યા હતા. અમરસિંહ ચૌધરી વખતે કિશાન આંદોલનમાં ખેડૂતો ઉપર ગોળીઓ વરસાવી મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા. આ અત્યાચારોથી આજની યુવા પેઢી અજાણ છે. વર્તમાન સમયે રાહુલ ગાંધી સુરતમાં શુ જોઈ ગયા છે તે ખબર જ પડતી નથી. વારંવાર સુરત જાય છે. બેદિવસ પહેલા હિરા ઘસવા માટે બેસી ગયા હતા. તેમણે હિરા ઉપર પણ ખોટુ પેલ કાપ્યું હતુ. તે બનાસકાંઠામાં આવશે અને પ્રજાપતિ પરિવારની મુલાકાત લેશે તો માટલા ઘડવા પણ બેસી જશે. માત્ર ફોટા પડાવવાથી વિકાસના કામો થતા નથી. તેના માટે પ્રજાના હમદર્દ બનવું પડે છે. રાહુલ મોટા પરિવારનો છોકરો છે જે મોટા પરિવારનું નામ વટાવી રહ્યોછે. સભા બાદ પત્રકારો દ્વારા પુછાયેલા પ્રશ્નોના પ્રત્યુત્તર આપતા નિતિન પટેલે જણાવ્યું હતુ કે, હું પાટીદાર ખરો પણ બધા પાટીદારો હું કહુ તેમ જ કરે તે શક્ય નથી. તેવી જ રીતે ક્ષત્રિય નેતા હોય કે ઓબીસી કે પછી દલિત નેતા તેમના સમાજના બધા જ લોકો તેમનું કહેવું માનશે નહી. હા, સરદાર વલ્લભાઈ પટેલ, ગાંધીજી, નરેન્દ્ર મોદી જેવા મહાન નેતાઓની વાત પ્રજા માનતી હોય છે.

પાલનપુરમાં પાટીદાર સામે પાટીદાર ઉમેદવારની શક્યતાઓ

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ રોટરી હોલમાં સભા બાદ ડેરી રોડ નજીક આવેલી શ્રીરામ વિધાલયમાં આયોજીત કાર્યક્રમમાં ગયા હતા. અને પાટીદાર અગ્રણીઓ સાથે મુલાકાત પણ કરી હતી. તેમની આ મુલાકાતને પાલનપુર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવારની પસંદગી માટે અગત્યની માનવામાં આવી રહી છે. જેની પાછળનું એક કારણ એવું પણ ગણવામાં આવી રહ્યું છે કે, કોંગ્રેસમાં મહેશભાઈ પટેલ નિશ્ચિત ઉમેદવાર છે. જેમની સામે ભાજપમાંથી બ્રહ્મ સમાજને ટિકીટ અપાય તેમ છે. પણ જો, ધાનેરા બેઠક ઉપર બ્રહ્મ સમાજને ટિકીટ અપાય તો પછી પાલનપુરમાં પાટીદાર સામે પાટીદારની નિતી અપનાવી રામચંદભાઈ પટેલને મહેશભાઈ પટેલ સામે ઉમેદવાર નક્કી કરવામાં આવે તેવી પ્રબળ શક્યતાઓ જોવામાં આવી રહી છ.

ઉગ્ર બનતું રાજપૂત આંદોલન : બુધેલમાં વાઘાણી વિરૂદ્ધના બેનર ઉતારવામાં પોલીસને પરસેવો

અમદાવાદ,તા. ૯

ભાયલા ખાતે રાજપુત મહાસંમેલન બાદ હવે સૌરાષ્ટ્રના ગામે-ગામ ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી અને તેમના ભાજપના સમર્થકોએ ગામમાં પ્રવેશ કરવો નહી તેવા બેનરો લાગી રહ્યા છે. જીતુ વાઘાણીના મત વિસ્તાર ભાવનગરમાં પણ બેનરો લાગી જતા ભાજપની ચિંતામાં વધારો થયો હતો જેના કારણે આ પ્રકારના બેનરો ઉતારવા માટે હવે ભાજપે પોલીસનો સહારો લીધો છે.

જ્યા આવા બેનરો લાગ્યા છે તે ઉતારવાની સુચના પોલીસને આપવામાં આવી છે. ભાવનગરના બુધેલ ગામના પ્રવેશદ્વાર પર પણ આ પ્રકારના બેનરો હતા તે ઉતારવા માટે આજે ભાવનગરની વરતેજ પોલીસની જીપ આવી હતી. પોલીસે બેનરો ઉતારી જીપમાં મુકી દીધા હતા, પણ પોલીસ બેનર ઉતારી રહી છે તેવી જાણકારી મળતા ગામ લોકો રસ્તા ઉપર આવી ગયા હતા અને તેઓ પોલીસની જીપ આગળ સુઈ ગયા હતા.

ગામ લોકોઓનો આક્રોશ જોઈ પોલીસ પણ ડરી ગઈ હતી. આ વખતે ત્યાં આવી પહોંચેલા ગામના પુર્વ સરપંચ દાનસંગભાઈ મોરીએ પણ પોલીસનો ઉઘડો લેતા કહ્યુ હતું કે પોલીસનું કામ પ્રજાનું રક્ષણ કરવાનું છે, પણ પોલીસ રાજકારણીઓના ઈશારે આ પ્રકારના કામ કરે તે વાજબી નથી. આ ઘટનાથી હેબતાઈ ગયેલી પોલીસ ઉપરથી સુચના છે તેટલુ કહી કાઢી નાખલા બેનરો લોકોને સોંપી ત્યાંથી રવાના થઈ ગઈ હતી.

ગુજરાતમાં શિવસેના ૫૦ થી ૫૫ બેઠકો પર ચૂંટણી લડશે

અમદાવાદ, તા. ૯

રાજયમાં વિધાનસભા ચૂંટણી પહેલા રાજકીય પક્ષોનો પ્રચાર પૂરજોશમાં છે. વિકાસ મુદ્દે સત્તાપક્ષ જનતા સમક્ષ પોતાનો દાવો કરી રહીં છે તો વિપક્ષ આ વાતને નકારી રહ્યો છે.

તેવામાં રાજ્યમાં ભાજપ અને કોંગ્રેસ બાદ ચૂંટણી મેદાનમાં શિવસેના પણ ઉતરશે. શિવસેના દ્વારા પ્રેસ કોન્ફરન્સ સંબોધી આ અંગેની માહિતી આપવામાં આવી છે. શિવસેના ૧૮૨ માંથી ૫૦ થી ૫૫ ટકા બેઠક પર ઉમેદવારોને ઉતારશે. હિંદુત્વના મુદ્દાને આગળ રાખી શિવસેના ચૂંટણી લડશે. મહત્વનું છે કે, શિવસેના મહારાષ્ટ્રમાં ભાજપનો સાથી પક્ષ છે અને ગુજરાતમાં અલગથી ચૂંટણી લડતાં ભાજપ અને કોંગ્રેસની વોટબેંકમાં ગાબડું પડે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

પાર્ટીઓને ક્યો ભય સતાવે છે : ૫૦ ટકા તો ઠીક ૩૩ % પણ મહિલા અનામત આપી શકાતી નથી

સ્થાનિક ચૂંટણીમાં મોટાં માથાં હોતા નથી તેથી ત્યાં ૫૦% અનામત મળે છે

ગુજરાતમાં પુરૂષ સમોવડીનું સ્થાન આપવાની વાતો કરતા રાજકીય પક્ષો ચૂંટણીમાં મહિલાઓને ૫૦ ટકા અનામત આપવાથી દૂર ભાગે છે. પાર્ટીના નેતાઓને એવો ભય છે કે મહિલાઓને ટીકીટ આપવામાં આવશે તો તેઓ હારી જશે. આપણે ત્યાં એવી પણ એવી પંચાયત છે કે જેમાં માત્ર ને માત્ર મહિલાઓ જ શાસન કરે છે. ગામ લોકોએ ભેગા થઈને તમામ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતારી હતી.

રાજ્યમાં સૌથી વધુ ૧૬ મહિલા ધારાસભ્યો ૧૯૮૫, ૨૦૦૭ અને ૨૦૧૨માં હતા

મહિલાને તેમના અધિકાર આપવામાં પાછી પાની કેમ કરવામાં આવે છે સમજાતું નથી. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીમાં સરકારે બીલ પાસ કરીને ૫૦ ટકા મહિલા અનામતની જોગવાઈ કરી દીધી છે પરંતુ સરકારે લોકસભા અને વિધાનસભમાં ૫૦ તો શું ૩૩ ટકા મહિલા અનામતની જોગવાઈ કરી નથી. મહિલાઓને આ અન્યાય કરવામાં કોંગ્રેસ જેટલી જવાબદાર છે તેટલું જ જવાબદાર ભાજપ છે. આ બન્ને પાર્ટીઓ અનામતના મુદ્દે એક માળાના મણકાં જેવાં છે.

ગુજરાતમાં પ્રથમ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલનો આગ્રહ હતો કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સાથે સાથે વિધાનસભામાં પણ મહિલા અનામત હોય પરંતુ પાર્ટી હાઈકમાન્ડ અને કેન્દ્ર સરકાર બંધારણમાં આ સુધારો કરવા તૈયાર નથી. આપણા કાયદા જ્યાં ઘડાય છે તે પાર્લામેન્ટમાં આવો કાયદો કોઈ પાર્ટી લાવી શકતી નથી. જો બધી મહિલાઓ ભેગી થઈને એક પાર્ટી બનાવે તો શક્ય છે કે તેઓ ૧૦૦ ટકા મહિલા અનામત રાખી શકે છે, પરંતુ આ હિંમત કોઈ રાજકીય લેડીની નથી..

૫૦ ટકા મહિલા અનામત આપવામાં આવે તો ગુજરાતમાં ૯૧ મહિલા ધારાસભ્ય

ઉત્તર પ્રદેશ જેવા સૌથી મોટા રાજ્યનું સંચાલન માયાવતીએ કર્યું હતું. તામિલનાડુમાં જયલલીથા વર્ષો સુધી મુખ્યમંત્રી રહ્યાં છે. દિલ્હીની સુપ્રિમ ગાદી પર ઈન્દિરા ગાંધીએ શાસન કર્યું છે. રાજસ્થાનમાં વસુંધરા રાજે મુખ્યમંત્રી છે. દિલ્હી સરકારમાં શિલા દિક્ષિત સતત ત્રણ વખત મુખ્યમંત્રી બની ચૂક્યાં છે. પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી શાસન ચલાવે છે. ગુજરાતમાં પણ મહિલા મુખ્યમંત્રી આવી ગયા છે. આ તમામ શાસકોએ દેશને ઉત્તમ શાસન આપ્યું છે.

ગુજરાતમાં ૩૩ ટકા અને ૫૦ ટકા મહિલા અનામતની વાતો કરતી રાજકીય પાર્ટીઓ ભાજપ અને કોંગ્રેસે ક્યાકેય વિધાનસભામાં મહિલાઓને જરૂરી પ્રતિનિધિત્વ આપ્યું નથી. મહિલા ધારાસભ્યોની સંખ્યા અત્યાર સુધીની ચૂંટણીઓમાં ૧૬થી વધી શકી નથી. બન્ને પાર્ટીઓ જો ૫૦ ટકા મહિલાઓને ટીકીટ આપે તો વિધાનસભામાં ૯૧ મહિલાઓ હોવી જોઈએ પરંતુ ૩૩ ટકા અનામતનો ન્યાય પણ આ પાર્ટીઓ મહિલાઓને આપી શક્યા નથી. ગુજરાતમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રીનું એક તબક્કે ગૌરવ લેતા ભાજપે આનંદીબહેન પટેલને હાંકી કાઢ્યા છે.

૨૦૧૨માં ગુજરાતમાં કુલ ૬૧ ટકા જ મહિલાઓ ઉમેદવાર તરીકે ઉભી હતી જે પૈકી ભાજપે ૧૯ મહિલાને ટીકીટ આપી હતી જેમાંથી ૧૨નો વિજય થયો હતો જ્યારે કોંગ્રેસે ૧૨ મહિલાને ટીકીટ આપી હતી પરંતુ ચાર મહિલાઓ ચૂંટાઈ આવી હતી. ગુજરાતમાં ૧૯૬૦માં મહિલા ધારાસભ્યોની સંખ્યા ૧૨ હતી જ્યારે ૨૦૧૨માં સૌથી વધુ ૧૬ મહિલાઓ ધારાસભ્ય હતી કે કુલ સંખ્યાબળના માત્ર ૯ ટકા મહિલાઓ થવા જાય છે. રાજ્યમાં ૨૦૦૭માં અને ૧૯૮૫માં પણ ૧૬ મહિલા ધારાસભ્યો હતા. ૧૯૯૫માં તો માત્ર ત્રણ જ મહિલા ધારાસભ્યો હતી.

હવે, સ્ટાર પ્રચારકો ગુજરાતમાં ધ્યાન આપશે

હિમાચલમાં સૌથી વધુ રેલી યોજ્યા બાદ મોદી ગુજરાતમાં પણ શ્રેણીબદ્ધ રેલી કરશે : સ્ટાર પ્રચારકો પર નજર હશે

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટેની તારીખોની જાહેરાત થયા બાદ આગામી દિવસોમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મેદાનમાં ઉતરશે. બીજી બાજુ કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી ઝંઝાવાતી પ્રચાર કરવા માટે સજ્જ છે. ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી માટે એક તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ હવે તમામ ધ્યાન ગુજરાત ઉપર કેન્દ્રિત કરવામાં આવશે જેથી સ્ટાર પ્રચારકો ગુજરાતમાં પહોંચશે. હિમાચલ પ્રદેશમાં પણ મોદીએ સૌથી વધારે સભાઓ કરી હતી. મોદીએ હિમાચલમાં સૌથી વધુ સાત રેલીઓ કરી હતી જ્યારે અમિત શાહે છ રેલીઓ કરી હતી. રાહુલ ગાંધીએ ત્રણ રેલીઓ યોજી હતી. હિમાચલ પ્રદેશ બાદ હવે ગુજરાતમાં પણ મોદીની શ્રેણીબદ્ધ રેલીઓ યોજવામાં આવે તેવી શક્યતા છે. પાટીદાર સમુદાયની હાલમાં નારાજગી, જીએસટીને લઈને વેપારી કારોબારીઓમાં નારાજગી, ઓબીસી સમુદાયની નારાજગી સહિતના મુદ્દાઓને લઈને ભાજપની મુશ્કેલીઓ દેખાઈ રહી છે ત્યારે આગામી દિવસોમાં ભાજપ પ્રમુખ અમિત શાહ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઝંઝાવાતી પ્રચાર કરવા માટે સજ્જ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનની શરૂઆત કરી ચુકયા છે જેના ભાગરુપે રૂપાણીએ બુધવારના દિવસે ખાડિયા-જમાલપુર અને બહેરામપુરામાં આક્રમક પ્રચાર કરીને ઘેર ઘેર જઈને લોકોનો સંપર્ક કર્યો હતો.

નર્મદાના નામે રાજનીતિ કરવાને બદલે કેનાલોનું બાકીના કામોની ચિંતા કરો : પાર્થેશ પટેલ

આજે ડેમોમાં પાણી તો છે પણ છેવાડાનાં ખેડૂતના ખેતર સુધી તેને પહોંચાડવા કેનાલો ક્યાં..?, હવે તો ગુમરાહ કરવાનું બંધ કરો..?

ગાંધીનગર,તા.૯

જનવિકલ્પ પાર્ટીના પ્રવક્તા પાર્થેશ પટેલે જણાવ્યું કે ભાજપ-કોંગ્રેસે વર્ષો સુધી ગુજરાતના જીવાદોરી સમાન નર્મદા યોજનાના નામે એકબીજા સામે આક્ષેપો અને આરોપો કરીને રાજનીતિ કરી છે. પરંતુ હવે વર્ષો પછી નર્મદા ડેમ પૂરો થઈ ગયો છે. ડેમ પર દરવાજા મુકાઈ ગયા છે. પાણી ભરાઈ ગયું છે ત્યારે ભાજપ-કોંગ્રેસે નર્મદાના નામે રાજનીતિ બંધ કરવી જોઈએ. નર્મદાના નામે બંને પક્ષોએ વર્ષો સુધી રાજનીતિ કરીને ગુજરાતની પ્રજાને ભરમાવી છે. ગુજરાતની શાણી અને સમજુ પ્રજા પણ નર્મદાના નામે થતી રાજનીતિ થી કંટાળી ગઈ છે.

પ્રજાને નર્મદાના નામે હવે ગુમરાહ કરવાનું ભાજપ-કોંગ્રેસ બંધ કરે સારું.કોણ ક્યારે મળ્યા, રજૂઆતો કરી કે નાં કરી અને કોણ સત્યથી વેગળું બોલી રહ્યા છે તેવા કાવા-દાવામાં પડવાને બદલે ભાજપ-કોંગ્રેસે અમારી જેમ નર્મદા યોજનાની કેનાલોનું બાકી રહેલું કામ અંગેની ચિંતા કરવી જોઈએ. કેમ કે ડેમ માં ભરપૂર પાણી હશે પણ જો કેનાલ નેટવર્ક જ નહિ હોય તો ખેડૂત નાં ખેતર સુધી નર્મદા ના નીર પહોંચશે કઈ રીતે? આ સાવ સીધું ગણિત છે. છતાં ભાજપ-કોંગ્રેસ નર્મદાના નામે પ્રજાને જે ઉંઠા ભણાવે છે. મહેરબાની કરીને બંધ કરે. વર્ષો સુધી ડેમની ચિંતા કરી પણ કેનાલની ચિંતા કોઈએ ના કરી. ડેમની સાથે સાથે કેનાલો બનાવવાનું કામ પણ એ જ રીતે શરૂ થયું હોત તો આજે ડેમની સાથે હજારો કિમીની કેનાલોનું કામ પૂરું થઈ જતા ૧૮ લાખ હેક્ટરમાં નર્મદાના નીર પહોંચી ગયા હોત. કેનાલો બનાવવા માટે કયા ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો? કોણે કેનાલોના કામો રોકવા ભાજપ-કોંગ્રેસની સરકારોના હાથ બાંધી રાખ્યા હતા? આજે સ્થિતિ એ છે કે ડેમમાં જોઈએ તેટલું પાણી છે પણ છેવાડા નાં ખેડૂતના ખેતર સુધી તેને પહોંચાડવા કેનાલો જ નથી તો એ પાણી નું શું કરવાનું? હજારો લીટર પાણી સૂર્યની ગરમીથી બાષ્પીભવન થઈને ઉડી જાય છે.પરિણામે ગુજરાતના છેક છેવાડાના કમાન્ડ વિસ્તારના ખેડૂતોના ખેતરો સુધી ધોરીયા મારફતે નર્મદાનું પાણી પહોંચે તેની ચિંતા ભાજપ-કોંગ્રેસે કરવી જોઈએ. લાખો ખેડૂતો નર્મદાના નીરની વાટ જોઈ રહ્યા છે. નર્મદાનું નીર આવશે, ખેતી થશે તેવી આશાએ ગુજરાતનો ખેડૂત માથે હાથ મુકીને બેઠો છે ત્યારે તેની ચિંતા કરવાની જરૂર છે. કોઈ મળ્યા, ના મળ્યા તેવી નાની નાની વાતોમાં સમય-શક્તિ વેડફવાને બદલે કેનાલના કામની ચિંતા કરવાની જરૂર છે.

તો, એનસીપી ૬૦ બેઠક પર ઉમેદવારો ઊભા રાખશે

ગાંધીનગર,તા.૯

ગુજરાતમાં રાજ્યસભાની યોજાયેલી ચૂંટણીમાં એનસીપીના બે ધારાસભ્યોએ કોંગ્રેસને સાથ આપવાના બદલે ભાજપને સાથ આપતા કોંગ્રેસ અને એનસીપી વચ્ચે ખટરાગ વધ્યો હતો. હવે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને એનસીપી વચ્ચે ગઠબંધન થશે કે નહીં એક-એક પ્રશ્ન છે ત્યારે એનસીપીના ગુજરાતના પ્રભારી પ્રફૂલ્લ પટેલે કોંગ્રેસના વખાણ કરીને જોડાણ માટેની તૈયારી બતાવી છે અને જો કોંગ્રેસ સાથે ગઠબંધન નહીં થાય તો ૬૦ બેઠકો પર ચૂંટણી લડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે, પરંતુ રાજકીય પક્ષો દ્વારા પોતાના ઉમેદવાર જાહેર કરાયા નથી, ક્યા રાજકીય પક્ષ દ્વારા પહેલા ઉમેદવાર જાહેર કરાય પછી અન્ય પાર્ટી જાહેર કરે તેની રાહ જોઈને બેઠા છે. વિવિધ બેઠકો માટે કાર્યકરો કામે લાગી ગયા છે, ત્યારે તાજેતરમાં નેશનલ કોંગ્રેસ પાર્ટીની પ્રદેશ હોદ્દેદારોની બેઠક યોજાઈ હતી જેમાં એનસીપી સમગ્ર ગુજરાતમાંથી લગભગ ૬૦ બેઠકો પર પોતાના ઉમેદવાર ઊભા રાખે તેવી શક્યતા છે. તાજેતરમાં મળેલી બેઠકમાં એનસીપીના પ્રદેશ અધ્યક્ષ જયંત પટેલ (બોસ્કી) કંઈ બેઠક પર કયા સમાજના ઉમેદવાર ઊભા રાખવામાં આવશે તે અંગે કંઈ પણ કહેવા તૈયાર નથી.

એનસીપી પોતાના રાજકીય પત્તા સમય આવે ખોલશે. જ્યારે ગાંધીનગર જિલ્લા એનસીપી પ્રમુખ હિમાંશુ ભચેચના જણાવ્યા મુજબ ૬૦ બેઠકમાં ગાંધીનગર શહેરની ઉત્તર અને દક્ષિણ વિધાનસભાનો સમાવેશ કરવામાં આવશે તો ઠાકોર અને રાજપૂત સમાજના નાગરિકોને પ્રતિનિધિત્વ આપવામાં આવશે. હાલના સમયે શહેરમાં ઠંડીના જોર વચ્ચે પણ રાજકીય ગરમાવો બરાબર જામ્યો છે. જ્યારે મહેસાણા બેઠક પર ડે.સીએમ સામે એનસીપીનો ઉમેદવાર ચૂંટણી લડે તેવું પણ લાગી રહ્યું છે. અત્યારના સમયે તો કયો પક્ષ પોતાના ઉમેદવાર જાહેર કરે તેના પછી બીજો પક્ષ પોતાના ઉમેદવાર જાહેર કરે તેની મીટ માંડીને બેઠા છે. ત્યારે આગામી દિવસોમાં રાજકીય પક્ષો પોતાના પત્તા ખોલશે.